**કલેઈમ પરચુરણ (પેમેન્ટ અરજી) અરજી નં. 46/2026 ના કામે આંક–૧ તળેનો હુકમ... (કલેઈમ કેસ નં. ૫૧/૨૦૧૬)**

આ કામમાં અરજદારની અરજી તથા તે સાથેના દસ્તાવેજી પુરાવા લીસ્ટમાં રહેલ મૂળ કલેઈમ કેસ નં. ૫૧/૨૦૧૬ નું કામ ગઈ તા. ૧૨–૦૭–૨૦૨૫ ના રોજ ફેસલ થતાં જે કલેઈમના કામની એવોર્ડની ખરી નકલ અરજીના કામે દસ્તાવેજી પુરાવાથી રજુ થતાં, તે વંચાણે લીધા. જયારે હાલની પેમેન્ટ અરજી દાખલ થતાં, જે તા. ૨૩–૨–૨૦૨૬ રોજ રજીસ્ટરે લેવામાં આવેલ છે. અને સદર અરજી રજીસ્ટરે લીધા બાદ સદરહું અરજીના કામે એવોર્ડ મુજબની રકમ જમા લીધા સબંધે નાઝીરશ્રી ડિસ્ટ્રીકટ કોર્ટ, પોરબંદરનો તા.૨૭–૨–૨૦૨૬ ના રોજનો શેરો વંચાણે લેતા અને નાઝીરશ્રી ધ્વારા અરજીના કામે હિસાબી કામકાજને લગતા દસ્તાવેજી પુરાવા વંચાણે લીધેલ. સદરહું કલેઈમ અરજીના કામે સબંધીત વિમા કંપનીના વિ.વકીલશ્રી ધ્વારા કલેઈમના કામે વળતરની રકમ અરજદારને ચુકવવા સામે વાંધો ન હોવાનું આંક–૧ તળે શેરો કરી જાહેર કરેલ હોય, તેમજ હાલના કામે એવોર્ડ સામે નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે કોઈ રીટ દાખલ થયેલ નથી તે અન્વયે એડી. ડીસ્ટ્રીકટ કોર્ટના બેન્ચ કલાર્કશ્રીનો શેરો વંચાણે લીધો. ઉપરોકત હકીકતે હાલના કામના અરજદારને કલેઈમ કેસ નં. ૫૧/૨૦૧૬ ના એવોર્ડ મુજબ ચુકવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

| ક્રમ | રકમ રૂા.–પૈસા. | ચુકવણીની વિગત. |
|---|---|---|
| 1. | **3,33,490=00** | જમા થયેલ રકમ પૈકી ૫૦ % ની રકમ હાલની અરજીના અરજદાર લખમણભાઈ સાંગણભાઈ મોઢવાડીયાના નામની ફિકસ્ડ ડિપોજીટ રસીદ પાંચ વર્ષના સમયગાળા માટે કોઈપણ રાષ્ટ્રીયકૃત બેન્કમાં જમા રાખવી. *સદર એફ.ડી. કલેઈમ કેસ નં. ૫૧/૨૦૨૪ માં થયેલ એવોર્ડ મુજબ રાખવાની રહેશે.* |

| | | |
|---|---|---|
| 2. | **3,33,490=00** | જમા થયેલ રકમ પૈકી ૫૦ % ની બાકી રહેતી રકમ હાલની અરજીના અરજદાર લખમણભાઈ સાંગણભાઈ મોઢવાડીયાને એકાઉન્ટ પે ચેકથી ઓળખ અંગેની ખરાઈ કરી ચુકવી આપવા. |
| | **6,66,980=00** | **(અંકે રૂપીયા છ લાખ છાંસઠ હજાર નવસો એસી પુરા)** |

હુકમની જાણ નાઝીરશ્રીને કરવી.

તા. ૧૩/૦૩/૨૦૨૬.
મું. પોરબંદર.

(પી. એચ. શર્મા)
મોટર એકસી. કલેઈમ ટ્રિબ્યુનલ (ઓકજી.) અને
એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ
પોરબંદર.